## रत्नाकरसूरिविरचितम्

# रैवतकाद्रिमण्डननेमिजिन स्तोत्रम्

**-पं. अमृत पटेल**

रत्नाकरपञ्चविंशतिका (आत्मगर्हागर्भित साधारणजिनस्तवन)ना कर्ता रत्नाकरसूरिजी[१] (वि. १४ सदी पूर्वार्ध प्रायः) विरचित प्रस्तुत रैवतकादि मण्डननेमिजिनस्तोत्र' (पद्य १४) लालभाई दलपतभाईभारतीय विद्यामन्दिर-अमदावादना हस्तप्रतसंग्रहमां भेटसूचि क्रमांक ४७९५० मां २७ ११ से.मी. परिमाण धरावती अेक पत्रनी प्रत उपर प्रायः वि. १५मी सदीमां लखायेल छे.

चन्द्रगच्छीय नन्नसूरिनी १०मी पाटे देवप्रभसूरिना शिष्य रत्नाकरसूरिअे रत्नाकरपञ्चविंशतिका - रत्नाकरपच्चीसी, तथा उत्तराध्ययनसूत्र उपर नेमिचन्द्रसूरि-कृत लघुवृत्तिनी [२]ताडपत्रीय प्रतिनी पुस्तक प्रशस्ति[३]नी रचना करी छे अने लखी पण छे. वि. १३०८मां धर्कटवंशनां कटुक नामना श्रेष्ठिअे रत्नाकरसूरिना उपदेशथी आ प्रत लखावी हती. तेनी प्रशस्तिमां पूर्वार्धमां ग्रन्थ लखावनार कटुक श्रेष्ठिनुं वंशवर्णन छे. तेमां २७ पद्यो छे. उत्तरार्धमां पोतानो गुरुपर्वक्रम छे तेमां १३ पद्यो छे.

र.प., पु.प्र. अने प्रस्तुत स्तोत्र - आ त्रणेय कृतिओ तेओश्रीनी रचना छे. तेमां समानकर्तृत्वसूचक 'रत्नाकर' शब्द प्रयुक्त छे. उपरांत रचनाशैली, शब्दालङ्कारोमां पण भावमाधुर्यनुं सातत्य, कोमलकान्तपदावली अने हृदयङ्गम भावोर्मि-आ बाबतो त्रणेय कृतिमां स्पष्ट रीते एककर्तृत्व सिद्ध करे छे. तेनां केटलांक उदाहरणो जोईअे -

(१) पुप्रनां पूर्वार्धमां - मुक्तामणिर्भास्वरकान्तिदीप्रः (पद्य २जुं), शशाङ्क-काशसङ्काश-यशःपूरितभूतलः (पद्य ७मुं), बालोऽपि हि महामतिः (पद्य १८मुं). पुप्र उत्तरार्धमां - समजनि जनिताशेषदोषप्रमोषः (यमक) सकलकलिमलक्षालने वारिपूरः (पद्य २जुं, रूपक कालिकोपमानसहिता दसनावलिरेव न तपःश्री (पद्य ५मुं परिसंख्या) जिग्ये देवगुरुर्येन निरवद्यया विद्यया (पद्य ५मुं व्यतिरेक, अनुप्रास) ।

(२) 'रत्नाकरपञ्चविंशतिका'मां – श्रेयःश्रियां मङ्गलकेलिसद्म नरेन्द्र-देवेन्द्रनतांह्रिपद्म (१लुं अनुप्रास), निजाशयं सानुशयस्तवाग्रे (पद्य ३जुं अनुप्रास) किं बाललीलाकलितो न बालः, पित्रोः पुरो जल्पति निर्विकल्पः (पद्य ३जुं दृष्टान्त) – लोलेक्षणावक्त्रनिरीक्षणेन, यो मानसे रागलवो विलग्नः । न शुद्धसिद्धान्तपयोधिमध्ये, धौतोऽप्यगात् तारक ! कारणं किम् (पद्य १४मुं. विशेषोक्ति, ललितपदावली) दारा न कारा नरकस्य चित्ते । व्यचिन्ति नित्यं मयकाऽधमेन (पद्य २०मुं.) तथा किंवा मुधाहं बहुधा सुधाभुक्-पूज्य ! त्वदग्रे चरितं स्वकीयम् (पद्य २४मुं) — आम झमकदार श्लेष-अनुप्रास वगेरे शब्दालङ्कारो होवा छतां पण रचनामां सुकुमारता अने भावभङ्गिमा जरा पण खण्डित थती नथी. जेथी रचनामां स्वाभाविकता सहज सिद्ध थाय छे. उपरांत भावमाधुर्य पण रचनामाधुर्यथी निखरी ऊठे छे. प्रस्तुत स्तोत्रमां पण उपर्युक्त बन्ने कृतिओ जेवी एकसमान रचनाकुशलता नजरे पडे छे. —

– स्फारस्फुरत्क्रमनखद्युतयोऽतिदीप्राः (पद्य १लुं वृत्त्यनुप्रास)

– नेमे ! तव स्तवनमुज्ज्वलकेवलात्म-रूपस्य गीष्पतिसमोऽपि न कर्तुमीशः (पद्य २जुं व्यतिरेक), लोलां करोति तव भक्तिरियं विलोलाम् (पद्य २जुं श्लेषोत्थविरोध), निःशेषसंवरपदेषु तनूभवत्सु । रोचिर्जलैः सुविमलैः सरसीयतेऽसौ (पद्य ३जुं. श्लेष+रूपक), येनोच्छलच्छविपदं विपदन्तकारि – आ ४थुं पद्य अद्भुत एटला माटे छे यमक अने अभङ्गश्लेष जे भाव-सुकुमारता माटे 'यम' समान बनी शके तेम छे, छतां कुशल कविकर्मने कारणे भावपक्ष जरा पण खण्डित थयो नथी. परंतु भावपोषक बनेल छे. उपरांत बीजा पाद – 'नेमे ! विभो ! शुभवतो भवतोऽङ्घ्रियुग्मम्' — मां क्रियागुप्त छे. नेमे शब्दमां नम् धातुनुं परोक्षाभूतकाळनुं कर्मणिप्रयोगनुं तृतीयपुरुष एकवचननुं रूप छे. तथा 'नेमि शब्दनुं सम्बोधन विभक्तिनुं पण एकवचननुं रूप छे – आम अहीं कारक अने क्रियानो श्लेष थयो छे. तथा उत्तरार्धमां – पायादसौ नरमणी रमणीयभावम्, केषामहो सुमनसां मनसां न लोके ॥ – आवी क्रियागुप्त/श्लेष/यमक वगेरे जेवा बुद्धिगम्य अलङ्कारोनो हृदयङ्गम समावेश विरलकृतिओमां ज जोवा मळे छे. शब्दलालित्यने कारणे प्रस्तुत स्तोत्र गेय पण बन्युं छे. प्रस्तुत स्तोत्रमां केटलाक शब्दप्रयोगो ध्यानाकर्षक छे. त्रिदशवन्दितपादपद्म, तो

रत्नाकरपञ्चविंशतिकामां 'नरेन्द्रदेवेन्द्रनतांह्रिपद्म, नेमिनाथ माटे 'नेमिन्[+]', राजीमती माटे गोत्रनाम 'भोजपुत्री'[५] अने सरसीयते(नामधातु) अने 'पेपीयमान (यङ्गन्त) प्रयोगो स्तोत्रने उदात्त बनावे छे.

## ''रत्नाकरसूरिविरचितम्
## रैवताद्रिमण्डननेमिजिनस्तोत्रम्''

श्रीरैवताद्रिकमलापृथुकण्ठपीठ-
शृङ्गारहारतुलनां कलयन्ति यस्य ।
स्फारस्फुरत्क्रमनखद्युतयोऽतिदीप्राः,
श्रीनेमिनं जिनवरं तमहं स्तवीमि ॥१॥

नेमे ! तव स्तवनमुज्ज्वलकेवलात्म-
रूपस्य गीष्पतिसमोऽपि न कर्तुमीशः ।
अन्तस्तथाऽपि परितोऽपि हि विस्फुरन्तीं
लोलां करोति तव भक्तिरियं विलोलाम् ॥२॥

काले कलौ किल निदाघतुलां दधाने
निःशेषसंवरपदेषु तनूभवत्सु ।
रोचिर्जलैः सुविमलैः सरसीयतेऽसौ
देव ! त्वदंह्रियुगलीयुगलं(?) भवतापभेदि ॥३॥

येनोच्छदच्छविपदं विपदन्तकारि
नेमे ! विभो ! शुभवतो भवतोंऽह्रियुग्मम् ।
यायादसौ नरमणी रमणीयभावं
केषामहो सुमनसां मनसां न लोके ? ॥४॥

रागादिविद्रुतमना नहि ना त्वदीयं
द्रष्टुं स्वरूपममलं तदलम्भविष्णुः ।
किं नीलिकागलितलोचनशक्तिरुच्चैः
पश्येत् कदापि विलसत् शशलक्ष्मबिम्बम् ॥५॥

दृष्टेऽधुना तव पदाम्बुरुहे पलायाञ्-
चक्रेऽन्तरङ्गरिपुचक्रमिदं हृदो मे ।

विश्वं विवस्वति विभासयति प्रभाभिः
को वान्धकारनिकरस्य किलावकाशः ॥६॥
कल्पद्रुमः प्रकुरुतां किमभीष्टजातं
कस्याऽस्तु वा सुरमणी रमणीय एषः ।
कृत्वाऽथ किं भवतु कामदुघाऽप्यमोघा
सङ्कल्पिताऽधिकफलं समवाप्य नेमिम् ॥७॥
मायानिशि स्फुरितमोहमहाप्रमीला-
सम्मीलितं नयनमान्तरमेतदीश ! ।
विश्वत्रयप्रकटनाय पटीयसीभिर्-
गोभिः प्रबोधकलितं यदि तावकीभिः ॥८॥
भालं विशालमिदमिन्दुकलाऽभिरामं
किं वर्ण्यते त्रिदशवन्दितपादपद्मम् ! ।
नैवं व्ययं लवणिमाऽमृतमेति यत्र
पेपीयमानमपि नेत्रचकोरवृन्दैः ॥९॥
काऽपि प्रभो ! तव विशाल विलोचनानां
छायाकपोलयुगलं कमनीयकान्ति ।
कर्णद्वयं त्रिजगतीकमलाविलास-
दोलाकलं बत न कस्य मुदं दधाति ॥१०॥
कलिमलकलुषानां प्राणिनां पावनी ते
विमलरुचिजलौघैः पूरिता मूर्त्तिरेषा ।
अमरसरिदिवाऽलं पापजम्बालजालं
विदलयति विशालं देव ! मे सर्वकालम् ॥११॥
त्रिदशपुरपुरन्ध्रीरूपरेखाविषाद-
क्षमलवणिमलीलां भोजपुत्रीं विहाय ।
कलितविरतिभावः पावयामास नेमे !
निजचरणसरोजैस्तं भवान् रैवताद्रिम् ॥१२॥
सिर(त)करकराकारा कीर्त्तिर्न मे हृदयप्रिया
सकलललनालीलालापा विलापसमा मताः ।

विपुलवसुधाराज्यं प्राज्यं विपाककटु स्फुटं
तदलमिमकैर्नेमे ! भूयस्त्वमेव विभुर्मम ॥१३॥
(हरिणी)

इति विलसदनङ्गसङ्गभङ्ग-प्रगुण-समाधिधरो मयाऽभिनूतः ।
स्फुरदतिशयचारुरत्न'**रत्ना-कर**'गुरुरेष शिवङ्करोऽस्तु नेमिः ॥१४॥
(पुष्पिताग्रा)

## पादटीप

१. बीजा अेक 'रत्नाकरगच्छप्रवर्त्तक' रत्नाकरसूरि पण छे. तेओ वि. १३७१ मां समराशाहे शत्रुंजयतीर्थ उपर मूळनायक श्री आदिनाथ भगवानननी प्रतिष्ठा करावी त्यारे हता. – जैनसाहित्यनो संक्षिप्त इतिहास (मो. द. देसाई, ई.स. १९३३ मुंबइ) पृ. ४२६-४२८.

२. प्रस्तुत ताडपत्र 'शान्तिनाथताडपत्रसंग्रह-खम्भातमां क्रमांक ८३मां छे, आगम प्रभाकर मुनि पुण्यविजयजी – खम्भात शां. ता. जैनग्रन्थभण्डार, गायकवाड ओरिएन्टल सिरीझ १३५, बरोडा-सन् १९३१.

३. वर्षे सिद्धिवियत्-कृशानु-विधुभिः सङ्ख्याकृते श्रेयसे (१२मुं पद्य पूर्वार्ध) निवेशयामास गुरोः पदे च रत्नाकरं सूरिवरं गुरुं यः ॥१३॥

४. प्रशस्तिरियं कृता लिखिता च श्रीरत्नाकरसूरिभिः ॥ जैन पुस्तक प्रशस्ति सङ्ग्रहः भा. १, पृ. ३०-३० (सिंघी जैन ग्रन्थमाला-१८) सम्पादक : जिनविजयमुनि- मुंबई, इ.वि. १९९८).

५. 'नेमिन् : अभिधानचिन्तामणि, परिशिष्ट : जिनदेव (खरतर) प्रणीत 'हेमनाममाला-शिलोञ्छ).

६. सरखावो 'अहं च भोगरातिस्स०' दशवैकालिकसूत्र २.१० गाथानी चूर्णि : सम्पादक : आगमप्रभाकर मुनिश्री पुण्यविजय म.सा., प्राकृतग्रन्थ परिषद्-१७, अमदावाद, सं. १९७३.